Tuesday
06.12.2022
✳Volume :7 ✳ Issue No.126
✳Email.: kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)



ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

✳Managing Editor: Arjun Sondarva ✳Office: A-3, Plot No. R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી મતદાન કર્યા બાદ કહ્યું કે લોકતંત્રનો આ ઉત્સવ ગુજરાતના મતદારો માટે મહત્વનો



કમલમ્ ન્યુઝ,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે મતદાન રાણીપ અમદાવાદ ખાતે કર્યુ હતું. મતદાન કર્યા બાદ તેમને મીડિયા સમક્ષ મતદાનને લઈને મહત્વની વાત કહી હતી. વડાપ્રધાન મોદીએ મીડીયા સમક્ષ મતદાન બાદ કહ્યું કે, લોકતંત્રનોઆ ઉત્સવ ગુજરાતના મતદારો માટે મહત્વનો છે. લોકતંત્રના ઉત્સવ માટે દેશના નાગરીકોને હ્દયથી અભિનંદ અને ધન્યવાદ આપું છું. હું ઈલેક્શન કમિશનનો પણ શુભેચ્છા આપું છું. તેમને સાનદાર રીતે વિશ્વમાં ભારતની લોકતંત્રની વિશેષતા ચૂંટણીને લઈને મહત્વનું કામ કર્યું છું. હું ઈલેક્શન કમિશનનો પણ આભાર માનુંછું. ગુજરાતના મતદારોનો આભાર માનું છું. તેમને આ લોકતંત્રના ઉત્સવને આનબાન સાથે ઉજવ્યો છે. ગુજરાતની જનતામાં નિરક્ષીર વિવેક છે. સત્ય છે તેને સ્વિકારે છે. આજે બધા મોટી સંખ્યામાં મતદાન કરી રહ્યા છે જેથી હું ગુજરાતન મતદાતોનો આભાર માનું છું. તેમ પીએમ મોદીએ રાણીપથી મતદાન કરીને બહાર આવીને મીડિયા સમક્ષા વાતચીત કરતા કહ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમદાવાદમાં કતારમાં ઉભા રહીને મતદાન કર્યું હતું. રાણીપ ખાતે વડાપ્રધાન મોદીએ મતદાન કયુ હતું. ૨૦૨૨ના ચૂંટણીના મહાસંગ્રામ વચ્ચે પીએમ બીજા તબક્કાના મતદાન માટે આવી પહોંચ્યા હતા ત્યારે તેમને તેમનો કિંમતી મત આપ્યો હતો. વડાપ્રધાન મોદીએ અમદાવાદની રાણીપાણી નિશાન શાળામાં મતદાન કર્યું હતું. જ્યાં તેમની એક ઝલક જોવા માટે મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા હતા અને મોદી.. મોદી..ના નારા પણ લગાવ્યા હતા.

## ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલ સાહેબે વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કાના મતદાન અન્વયે પત્રકાર પરિષદને સંબોધી

ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં મતદાનની પ્રક્રિયા પૂર્ણ થઇ છે અને મતગણતરી તા. ૮મી ડિસેમ્બરે યોજાવાની છે – શ્રી સી. આર. પાટીલ



**ગુજરાતમાં સૌ મતદાતા ભાઇ-બહેનોએ મતદાનમાં ઉમળકો બતાવી ગુજરાતના ઉત્કર્ષ અને વિકાસ માટે અને શાંતિપૂર્ણ રીતે મતદાન કરવા બદલ તેમજ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબમાં વિશ્વાસ વ્યક્ત કર્યો છે તે માટે જનતા જનાર્દનનો આભાર. – શ્રી સી. આર. પાટીલ**

કમલમ્ ન્યુઝ,

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મિડીયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે,



- **દેશના યશસ્વી વડાપ્રધાનશ્રીએ પોતાના ગૃહ રાજ્યમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારો માટે પ્રચાર પ્રસાર કર્યો તે બદલ શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનો પણ આભાર – શ્રી સી. આર. પાટીલ**
- **દેશના યશસ્વી ગૃહ મંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબે પણ સતત પોતાના ગૃહ રાજ્યમાં હાજર રહી ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા અને જરૂરી સૂચનો ભારતીય જનતા પાર્ટીને આપી**
- **ભારતીય જનતા પાર્ટીને પ્રચંડ જીત તરફ લઇ જવા બદલ આભાર – શ્રી સી. આર. પાટીલ**
- **શ્રી સી. આર. પાટીલ સાહેબે સંગઠનના હોદેદારો અને કર્મઠ કાર્યકર્તાઓનો પણ આભાર માન્યો હતો**
- **ગુજરાતમાં યોજાયેલ ચૂંટણીના મતદાનમાં જે પણ મતદાન થયું છે તેમાં મતદાતાઓએ વિકાસવાદનો અપનાવ્યો છે – શ્રી સી. આર. પાટીલ**
- **કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ મતદાતાઓ સુધી પહોંચવામાં નિષ્ફળ રહ્યાં છે – શ્રી સી. આર. પાટીલ**
- **કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓએ જે સ્ટંટ કર્યા છે તેને ભારતીય જનતા પાર્ટી સખ્ત શબ્દોમાં વખોડી કાઢે છે – શ્રી સી. આર. પાટીલ**

આજરોજ ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલ સાહેબે વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કાના મતદાન અન્વયે પત્રકાર પરિષદને સંબોધી હતી. શ્રી સી. આર. પાટીલ સાહેબે પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે, ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં મતદાનની પ્રક્રિયા પૂર્ણ થઈ છે અને મતગણતરી તા. ૮મી ડિસેમ્બરે યોજાવાની છે. ગુજરાતમાં સૌ મતદાતા ભાઈ-બહેનોએ મતદાનમાં ઉમળકો બતાવી ગુજરાતના ઉત્કર્ષ અને વિકાસ માટે અને શાંતિપૂર્ણ રીતે મતદાન કરવા બદલ તેમજ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબમાં વિશ્વાસ વ્યકત કર્યો છે તે માટે જનતા જનાર્દનનો આભાર માન્યો હતો. દેશના યશસ્વી વડાપ્રધાનશ્રીએ પોતાના ગૃહ રાજયમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારો માટે પ્રચાર પ્રસાર કર્યો તે બદલ શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબનો પણ આભાર માન્યો હતો.

દેશના યશસ્વી ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહ સાહેબે પણ સતત પોતાના ગૃહ રાજ્યમાં હાજર રહી ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા અને જરૂરી સૂચનો આપી ભારતીય જનતા પાર્ટીને પ્રચંડ જીત તરફ લઈ જવા બદલ આભાર માન્યો હતો. શ્રી સી. આર. પાટીલ સાહેબે સંગઠનના હોદેદારો અને કર્મઠ કાર્યકર્તાઓનો પણ આભાર માન્યો હતો. પ્રિન્ટ મિડયા અને ઈલેક્ટ્રોનીક મિડીયાએ મધ્યસ્થી બની ભારતીય જનતા પાર્ટીની વાત જનતા સુધી પહોંચાડવા બદલ આભાર માન્યો હતો. શ્રી સી. આર. પાટીલ સાહેબે પત્રકારોના પ્રશ્નોનો જવાબ આપતાં જણાવ્યાં હતું કે, ગુજરાતમાં યોજાયેલ ચૂંટણીના મતદાનમાં જે પણ મતદાન થયું છે તેમાં મતદાતાઓએ વિકાસવાદનો અપનાવ્યો છે. વર્ષ ૨૦૧૭ કરતાં વર્ષ ૨૦૨૨માં થયેલ મતદાનની ટકાવારી ઓછી હોવા છતાં પણ વધુ મતદાતાઓએ ભારતીય જનતા પાર્ટીની તરફેણમાં મતદાન કર્યું છે. કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ મતદાતાઓ સુધી પહોંચવામાં નિષ્ફળ રહ્યાં છે. કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓએ જે સ્ટંટ કર્યા છે તેને ભારતીય જનતા પાર્ટી સખ્ત શબ્દોમાં વખોડી કાઢે છે. આવા સ્ટંટથી દરેક પક્ષે દૂર રહેવું જોઈએ. શહેરી વિસ્તારમાં ભારતીય જનતા પાર્ટીનો સજાગ હોવાથી આટલા મતદાન સુધી પહોંચી શકાયું છે. શ્રી સી. આર. પાટીલ સાહેબની આ પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ મહામંત્રીશ્રી વિનોદભાઈ ચાવડા, સહ કન્વિનર શ્રી ઝુબીનભાઈ આશરા ઉપસ્થિત રહ્યાં હતાં.

## વડાપ્રધાન મોદી છત્તીસગઢના બિલાસપુરથી મહારાષ્ટ્રના નાગપુર રૂટ પર દોડનારી દેશની છઠ્ઠી સેમી-હાઈસ્પીડ વંદે ભારત ટ્રેનનું ઉદ્ઘાટન

### મહારાષ્ટ્ર-છત્તીસગઢને જોડશે દેશની છઠ્ઠી વંદે ભારત ટ્રેન,




કમલમ્ ન્યુઝ,નવીદિલ્હી,તા.૦૫

વડા પ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૧૧ ડિસેમ્બરે છત્તીસગઢના બિલાસપુરથી મહારાષ્ટ્રના નાગપુર રૂટ પર દોડનારી દેશની છઠ્ઠી સેમી-હાઈ સ્પીડ વંદે ભારત ટ્રેનનું ઉદ્ઘાટન કરશે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, વંદે ભારત ટ્રેન અઠવાડિયામાં છ દિવસ દોડશે અને લગભગ સાડા પાંચ કલાકમાં બિલાસપુરથી નાગપુર પહોચી જશે. રેલવે વિભાગના એક અધિકારીએ જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી નાગપુર ખાતે બિલાસપુર-નાગપુર વંદે ભારત ટ્રેનનું લોકાર્પણ કરશે. સેમી-હાઈ સ્પીડ વંદે ભારત ટ્રેન બિલાસપુરથી સવારે ૬.૪૫ વાગ્યે ઉપડશે અને લગભગ ૧૨.૧૫ વાગ્યે નાગપુર સ્ટેશને પહોંચશે. એ જ રીતે સેમી-હાઈ સ્પીડ વંદે ભારત ટ્રેન નાગપુરથી બપોરે ૨ વાગ્યે ઉપડશે અને સાંજે ૭.૩૫ કલાકે બિલાસપુર સ્ટેશને પહોંચશે. હાલમાં સુપરફાસ્ટ ટ્રેનોને બિલાસપુરથી નાગપુર પહોંચવામાં સાત કલાકનો સમય લાગે છે, જો કે આ ટ્રેન લગભગ સાડા પાંચ કલાકમાં અંતર કાપશે. અહેવાલો અનુસાર, આ ટ્રેન દક્ષિણ પૂર્વ મધ્ય રેલવે દ્વારા સંચાલિત કરવામાં આવશે અને રાયપુર, દુર્ગ અને ગોંદિયા ખાતે સ્ટોપ હશે. અધિકારીએ એમ પણ કહ્યું કે ૨૦૨૩માં સિકંદરાબાદ અને વિજયવાડા વચ્ચે અન્ય એક વંદે ભારત ટ્રેન શરૂ થવાની સંભાવના છે. નવી યુવા પેઢી માટેની વંદે ભારત ટ્રેનનું સૌપ્રથમવાર મુંબઈ-અમદાવાદ રૂટ પર આ વર્ષે ઓક્ટોબરમાં ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. રેલવેએ આવતા વર્ષે ઓગસ્ટ સુધીમાં ૭૫ વંદે ભારત ટ્રેન દોડાવવાનો લક્ષ્ય રાખ્યો છે. સેમી-હાઈ-સ્પીડ ટ્રેનના તમામ કોચ ઓટોમેટિક દરવાજા ધરાવે છે. જીપીએસ-આધારિત ઓડિયો-વિઝ્યુઅલ પેસેન્જર ઈન્ફોર્મેશન સિસ્ટમ ઉપરાંત, મનોરંજનના હેતુઓ માટે ઓનબોર્ડ હોટસ્પોટ વાઈ-ફાઈની સુવિધા પણ છે. આ ઉપરાંત મુસાફરો માટે ખુબ જ આરામદાયક બેઠકોથી રાખવામાં આવી છે. જોકે, પહેલીવંદે ભારત એક્સપ્રેસટ્રેનને ૧૫ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ નવી દિલ્લી-કાનપુર-અલાહાબાદ-વારાણસી રૂટ પર દોડાવવામાં આવી હતી. ૧૫ ઓગસ્ટ, ૨૦૨૧ના રોજ લાલ કિલ્લા પરથી રાષ્ટ્રને સંબોધિત કરતા વડાપ્રધાન મોદીએ જાહેરાત કરી હતી કે આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી દરમિયાન દેશમાં કુલ ૭૫ વંદે ભારત ટ્રેન દોડાવાશે. જેના થકી દેશના દરેક ખૂણાના શહેરોને જોડવામાં આવશે. ઝડપ, સલામતી અને સેવા આ ટ્રેનની ખાસ વિશેષતા છે. વંદે ભારત એક્સપ્રેસ મહત્તમ ૧૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે દોડી શકે છે અને તેમાં શતાબ્દી ટ્રેન જેવા કોચ છે પરંતુ મુસાફરો માટે વધુ સારી સુવિધા છે. ઝડપ અને સુવિધાના સંદર્ભમાં આ ટ્રેન ભારતીય રેલવે માટે આગામી મોટી ઉપલબ્ધિ છે. દેશમાં દોડતી દરેક વંદે ભારત એક્સપ્રેસમાં કુલ ૧,૧૨૮ મુસાફરોની બેઠક ક્ષમતા છે. આ ટ્રેનમાં તમામ વર્ગના મુસાફરો માટે સાઈડ રિક્લાઈનર સીટની સુવિધા છે. વંદે ભારત ટ્રેનમાં ટચ-ફ્રી સુવિધાઓ સાથે બાયો-વેક્યૂમ શૌચાલય પણ બનાવવામાં આવ્યા છે. દરેક કોચમાં ખાણી-પીણીની સુવિધા સાથે પેન્ટ્રી છે

## નાસાને મળી મોટી સફળતા,


## સ્પેસ સ્ટેશન પર સફળતાપૂર્વક સોલર એરે ઈન્સ્ટોલ કર્યુ



કમલમ્ ન્યુઝ,નવીદિલ્હી

યુએસ સ્પેસ એજન્સી (નાસા) ના અવકાશયાત્રીઓ જોશ કસાડા અને ફ્રેક્ક રુબિયોએ સફળતાપૂર્વક નવા રોલ-આઉટ સોલર એરેને સ્થાપિત કર્યું. ટ્વિટર પર વિડિયો શેર કરતાં નાસાએ લખ્યું, "શું આપણે આને ઠીક કરી શકીએ?" હા આપણે કરી શકીયે. અવકાશયાત્રીઓ જોશ કસાડા અને ફ્રેક્ક રુબિયો આ નવા સોલાર એરેને સ્પેસ સેન્ટરના સ્ટાર-આકારના બોર્ડ પર માઉન્ટ કરે છે. આ દરમિયાન, તેમણે સોલર પેનલની ૭૫ ટકા ઓપરેટિંગ ક્ષમતાને પુનઃસ્થાપિત કરવા માટે એક કેબલ કાપી અને અલગ કરી.એરેને સ્થાપિત કરવા ઉપરાંત, સ્પેસવોકર તેની વિદ્યુત સિસ્ટમમાં પાવર ટ્રીપને કારણે બંધ થઈ ગયા પછી ૧બી પાવર ચેનલને ફરીથી સક્રિય કરવા માટે કેબલને ડિસ્કનેક્ટ કરશે. નાસાએ સમજાવ્યું કે કેબલનું જોડાણ એરેના અસરગ્રસ્ત ભાગને અલગ કરી દેશે. આ પ્રક્રિયામાં અભિયાન ૬૮ ક્રૂના સભ્યોને સ્પેસવોક માટે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનના ક્વેસ્ટ એરલોકમાંથી બહાર નીકળવાની તૈયારી શરુ કરી અને તે લગભગ સાત કલાક ચાલી હતી. નાસાએ જણાવ્યું હતું કે ૪એ પાવર ચેનલ પર એરેને સ્થાપિત કરવા માટે આગામી યુએસ સ્પેસવોક સોમવાર, ડિસેમ્બર ૧૯ ના રોજ થશે. ઈન્સ્ટોલેશન માટે આયોજિત કુલ છમાંથી આ ચોથો એરેને હશે. આ તેની વીજ ઉત્પાદન ક્ષમતામાં ૩૦ ટકા સુધીનો વધારો કરશે, જેનાથી સ્ટેશનની કુલ ઉપલબ્ધ શક્તિ ૧૬૦ કિલોવોટ થી ૨૧૫ કિલોવોટ સુધી વધી જશે. કસાડા ક્રૂ સભ્યો ઉપરાંત ક્રૂ મેમ્બર ૧ તરીકે સેવા આપશે અને લાલ પટ્ટાઓ સાથેનો સૂટ પહેરશે. રુબિયો વધારાના ક્રૂ મેમ્બર ૨ તરીકે સેવા આપશે અને ચિહ્ન વગરનો સૂટ પહેરશે. કસાડા અને રુબિયો બંને માટે સ્પેસવોક બીજું હશે.

## ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીના બીજા તબક્કામાં કુલ ૯૩ બેઠકો પર મતદાન થયું છે જેમાં અનેક મહાનુભાવોએ પણ વિવિધ મતવિસ્તારોમાં આવેલા મતદાન મથક પર પહોંચી મત આપ્યો હતો.







કમલમ્ ન્યુઝ,

- **વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા માટે આજે સવારે રાણીપ વિસ્તારના નિશાન સ્કૂલ ખાતે પહોંચ્યા હતા. તેમણે શાળાના બુથ નંબર ૧૧૭ પર મત આપ્યો હતો.**
- **કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રી શ્રી અમિતભાઇ શાહે પણ સપરિવાર મતદાન કર્યું હતું. તેઓ તેમના ધર્મપત્ની, પુત્ર અને પુત્રવધૂ સાથે નારણપુરા સબ ઝોનલ ઓફીસ પહોંચ્યા હતા. જ્યાં બુથ નં. ૩૯ પર તેમણે વોટિંગ કર્યું હતું.**
- **મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે શીલજ ખાતે આવેલી પ્રાથમિક શાળાના બુથ નંબર ૯૪ પર પહોંચીને મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.**
- **ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને ઉત્તર પ્રદેશના રાજ્યપાલ શ્રીમતી આનંદીબેન પટેલ પણ લોકશાહીના આ પર્વમાં ભાગ લેવા માટે અમદાવાદના શીલજ વિસ્તારમાં આવેલી પ્રાથમિક શાળા ખાતે પહોંચ્યા હતા જ્યાં બુથ નંબર ૯૫ પર તેમણે મતદાન કર્યું હતું.**
- **મુખ્ય સચિવ શ્રી પંકજ કુમારે શાહીબાગ સ્થિત કેન્દ્રીય વિદ્યાલય ખાતે તૈયાર કરાયેલા બુથ નંબર ૯૯ પર મતદાન કર્યું હતું.**

## તંત્રી સ્થાનેથી......

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પ્રથમ ચરણના થયેલા મતદાનની સવારની ટકાવારીની સાપેક્ષો બીજા ચરણની સવારની ટકાવારીએ મતદારોના ઉત્સાહને દર્શાવ્યો છે. વડોદરા શહેર અને જિલ્લાની ૧૦ બેઠકો ઉપર મતદાન કરવા માટે સવારમાં મતદારોએ ભારે લાઈન લગાવતા સવારના આઠથી નવ વાગ્યા સુધીના એક જ કલાકમાં ૪.૮૯ ટકા જેટલું મતદાન નોંધાયું છે. આ બાબત વડોદરા શહેર અને જિલ્લાના લોકશાહીના ઉત્સવમાં મતદારોનો ભારે ઉત્સાહ દર્શાવે છે. વડોદરા જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા કરાયેલી સુંદર વ્યવસ્થાને પગલે સવારના સાત વાગ્યામાં પ્રથમ મોકપોલ બાદ મતદાન પ્રક્રીયા શાંતિપૂર્ણ રીતે પ્રારંભ થઈ હતી. ફૂલ ગુલાબી ઠંડી વચ્ચે મતદારોએ લાઈનો લગાવી હતી. મતદાર જાગૃતિ માટે કરવામાં આવેલા પ્રયત્નોની અસર સવારમાં જોવા મળી રહી છે. યુવાનો સાથે વૃદ્ધો અને મહિલાઓની પણ ભારે ભીડ જોવા મળી હતી. તંત્ર દ્વારા એબસન્ટી વોટર્સ માટે વાહન અને વ્હિલચેરની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. કલેક્ટર શ્રી અતુલ ગોર પણ સવારના તબક્કામાં કેટલાક મતદાન મથકોની મુલાકાત લેવા માટે પહોંચી ગયા હતા. સવાદ, હરણી રોડ, અમિતનગર સર્કલ, કારેલીબાગ સહિતના વિસ્તારોમાં આવેલા મતદાન મથકોની તેમણે મુલાકાત લઈ ચૂંટણીકર્મીઓના ઉત્સાહમાં વધારો કર્યો હતો. ગત્ત વિધાનસભાની ચૂંટણીમાં શહેરના જે મતદાન મથકો ઉપર મતદારોની નિરસતા જોવા મળી હતી તેવા મતદાન કેન્દ્રો ઉપર અવસર અભિયાન અંતર્ગત વધુ મતદાન થાય એવા પ્રયત્નો કરવામાં આવ્યા હતા. જેમ કે, જીવનભારતી સ્કૂલમાં આવેલા મતદાન મથકો ઉપર ગત ચૂંટણીમાં મતદાનની ટકાવારી ઓછી હતી. ત્યાં આ વખતે મતદારોને મતદાન કરવા માટે પ્રેરિત કરવા માટે ઢોલ સાથે સ્વાગત કરવામાં આવતું હતું. વળી, આ મતદાન મથકો ઉપર ખાસ્સી ભીડ જોવા મળી હતી. આ ઉપરાંત ઈકોફ્રેન્ડલી મતદાન કેન્દ્રોમાં પ્લાસ્ટિકનો લઘુત્તમ ઉપયોગ કરવાની સાથે સુંદર રીતે શણગારવામાં આવ્યા હતા. પીવાના પાણી માટે માટીના મટકા મૂકવામાં આવ્યા હતા. જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ આવા વિશેષ મતદાન કેન્દ્રોની મુલાકાત પણ લીધી હતી.



# સાડાઉ શાળા ની કિશોરીઓનો આરોગ્યલક્ષી માર્ગદર્શન અપાયું.

### કિશોરીઓને સારા જીવન શૈલી માટે શીખ અપાઈ.

કમલમ્ ન્યુઝ,

મુન્દ્રા તાલુકાની સાડાઉ પ્રાથમિક શાળા ખાતે તાલુકા હેલ્થ ઓફિસરશ્રી, ડૉ. કૈલાશપતિ પાસવાન સાહેબ અને પી.એચ.સી રતાડિયા મેડિકલ ઓફિસર ડૉ.રીતુબેન પરમારના માર્ગદર્શન હેઠળ એડોલેશન હેલ્થ એન્ડ વેલનેસ ડે ની ઉજવણી કરવામાં આવી. જેમાં, કિશોર સ્વાસ્થ્ય સલાહકાર મહેન્દ્ર વાઘેલા , જિલ્લા માંથી આઈ.ઈ.સી વિભાગના વી.ડી.ઠક્કર દ્વારા જેમાં, રાષ્ટ્રીય કિશોર સ્વાસ્થ્ય કાર્યક્રમ વિશે સમજાવીને આરોગ્ય અને શિક્ષણનું મહત્વ કિશોરોને સમજાવ્યું. જેમાં કિશોરોને પોષ્ટિક આહાર લેવા, કેફી પદાર્થોના વ્યસન થી દૂર રહેવા, કસરત અને યોગા વિશે કિશોરોને સમજાવ્યું આ ઉપરાંત કારકિર્દી ડેવલપમેન્ટ, વાંચન અને ધ્યાન વગેરે વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું.ત્યારબાદ સી.એચ.ઓ જ્યોતીબેન આંબલિયા અને ફી.હે.વ ગીતાબેન આહીર દ્વારા કિશોરીઓને યોગનું મહત્વ માસિક ચક્ર વિશે સમજાવવામાં આવ્યું.ત્યારબાદ તેવોની આરોગ્ય તપાસ કરવામાં આવી.આશાબેન રોશનબેન સાંધ દ્વારા વજન ઊંચાઈ કરવામાં આવ્યા હતા.ત્યારબાદ રમત રમાડવામાં આવી.દરેક કિશોરીઓ ને આયર્ન ગોળી , સેનેટરી પેડ અને નોટબુકનું વિતરણ કરાયું હતું.કાર્યક્રમ સફળ બનાવવા આઈ.સી.ડી.એસ ના જ્યોતિબેન ગોર,આંગણવાડી વર્કર ગુલબાનું બેન પડીયાર , આચાર્ય શ્રી ભરતભાઈ સાતુના અને શાળા ના તમામ કર્મચારી સહયોગ આપ્યો હતો.



કમલમ્ ન્યુઝ,

દિવ દમણ પ્રશાશક શ્રી પ્રફુલભાઈ પટેલે હિંમતનગરના પોલો ગ્રાઉન્ડ વિસ્તારની માણેક કૃપા હાઈસ્કુલ ખાતેથી મતદાન કરીને મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.



કમલમ્ ન્યુઝ,

સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગરના વરરાજાએ લગ્નગ્રંથીમાં જોડાતા પહેલા હિંમત હાઈસ્કુલ મતદાન મથક ખાતે પોતાના મુલ્યવાન મતાધિકારનો ઉપયોગ કરી એક જાગૃત નાગરીક તરીકેની ફરજ અદા કરી.

# ૮૬ વર્ષની ઉંમરે પદ્મશ્રી ગુણવંત શાહે મતદાન મથકે જઈને કર્યું મતદાન...



કમલમ્ ન્યુઝ,વડોદરા,

ભારતના ચૂંટણી પંચે વયોવૃદ્ધ અને વડીલ,દિવ્યાંગ મતદારોને ઘેર બેઠા ટપાલ મતદાન કરવાની સુવિધા આપે છે. જો કે ચિંતક,વિચારક અને યુવા માર્ગદર્શક પદ્મશ્રી ડો.ગુણવંત શાહે આ સુવિધાનો આશ્રય લીધા વગર,એક નવયુવાનની ઝિંદાદિલી થી અકોટા કેળવણી મંડળ વિદ્યાલય મતદાન મથક નં.૧૧૬ ખાતે પહોંચી જઈને મતદાનની પવિત્ર ફરજ પૂરી કરી હતી.તેમના ધર્મપત્ની શ્રીમતી અવંતિકાબેને તેમની સાથે મતદાન કર્યું હતું.દીકરી અમીષા નો ટેકો લઈને તેઓ મતદાન મથકે પહોંચ્યા હતા. મતદાન કર્યાની નિશાની રૂપે ડાબા હાથની પહેલી આંગળીએ અવિલોપ્ય શાહીથી નિશાન કરવામાં આવે છે.

ડો.શાહે તેનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે,' આ માત્ર ટપકું નથી પણ લોકશાહીનું સૌભાગ્ય ચિહ્ન છે.' તેમણે કહ્યું કે લોકશાહી એક અમૂલ્ય ઘરેણું છે જેના રક્ષણ અને સંવર્ધન માટે મતદાન અવશ્ય કરવું જોઈએ. આપણી લોકશાહી એ તંદુરસ્ત લોકશાહી છે.પાકિસ્તાનમાં છે એવી નામની લોકશાહી નથી.નાગરિક તરીકે વિશાળ અધિકારો લોકશાહી આપે છે ત્યારે લોકશાહી ના ઋણ સ્વીકાર માટે મતદાન કરવું જોઈએ. એમને જણાવ્યું કે ,' ગ્રીક ભાષાની એક કહેવતમાં મત ના આપે એને ઈડિયટ( મૂર્ખ) ગણાવવામાં આવ્યા છે.એટલે ઈડિયટ ની ઉપાધિ થી બચવા મતદાન કરવું જોઈએ. શ્રીમતી અવંતિકા ગુણવંત શાહે બહેનો મોટા પ્રમાણમાં મતદાન કરે એવો અનુરોધ કરતાં જણાવ્યું કે ઘરકામ કે અન્ય બહાના આગળ ધરી બહેનો મતદાન કરવાનું ન ટાળે.મતદાન અવશ્ય કરે.



કમલમ્ ન્યુઝ, મકબૂલ હુસેન


વિધાનસભા ૨૦૨૨ ખેડબ્રહ્મા ૨૯, ખાતે ૧૦૨ વર્ષ ના વડીલ સુજીબેન હેમાભાઈ પ્રજાપતિ કે જે ચાલી પણ સકતા નથી તેમણે પણ આ અનેરા ઉત્સાહ ને બહુ ઉત્સાહ થી વોટિંગ કર્યું.

# પ્રાંતિજ- તલોદ બેઠક માં 3 વાગ્યા સુધીમાં શાન્તિ પુર્ણ મતદાન

- છ ઉમેદવારો નું ભાવી આજે ઇવીએમ મશીનમાં કેદ થશે
- પ્રાંતિજ- તલોદ તાલુકા તાલુકા માં 3 વાગ્યાં સુધી ૫૭.૭૮ ટકા મતદાન થયું હતું

કમલમ્ ન્યુઝ,મનુભાઈ નાયી.

સાબરકાંઠા જિલ્લા સહિત ગુજરાત માં બીજા તબકકા નુ વિધાનસભા ની ૯૩ સીટોનુ મતદાન યોજાઈ રહ્યુ છે ત્યારે પ્રાંતિજ- તલોદ ૩૩ વિધાનસભા સીટ ઉપર ૩ વાગ્યા સુધી ૫૭.૭૮ ટકા મતદાન યોજાયું છે પ્રાંતિજ- તલોદ બેઠક ઉપર સવારથી ધીમીગતીએ મતદાન યોજાયું હતું તો ૩ વાગ્યા સુધી મતદારો દ્વારા ૫૭.૭૮ મતદાન કરવામાં આવ્યું હતું તો પ્રાંતિજ- તલોદ ના ૩૦૫ બુથો ઉપર સવારથી મતદારો દ્વારા ઉત્સાહ જોવા મળ્યો હતો તો લવારી ઈવીએમ મશીન ચાલુ ના થતા બીજુ મશીન રીપલેક્ષ કરાયુ હતુ તો સાબરકાંઠા-અરવલ્લી સાંસદે પ્રાંતિજ ના ભાગપુર થી પોતે મતદાન કર્યુ હતું તો પૂર્વ શિક્ષણ મંત્રી જયસિંહ ચૌહાણે પણ વાધપુર થી મતદાન કર્યુ હતું તો પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ ફતેપુરા ખાતે મતદાન કર્યુ હતુ જયારે પ્રાંતિજ- તલોદ ના ધારાસભ્ય અને ભાજપ ના ઉમેદવાર ગજેન્દ્રસિંહ પરમાર દ્વારા તલોદ ના વકતાપુર ખાતે મતદાન કેન્દ્ર ખાતે જઈ લાઈન મા ઉભા રહીને પરિવાર સાથે મતદાન કર્યુ હતુ અને લોકો ને મતદાન કરવા જાગૃત કર્યા હતાં તો કોંગ્રેસ ના ઉમેદવાર બેચરસિંહ હરિસિંહ રાઠોડે સીતવાડા ખાતે મતદાન કર્યુ હતુ તો આમ આદમી પાર્ટી ના ઉમેદવાર અલ્પેશ પટેલે વાઘરોટા ખાતે મતદાન કર્યુ હતુ જયારે પ્રાંતિજ નગરપાલિકાના પ્રમુખ દિપકભાઈ હસમુખભાઈ કડીયાએ પણ નાની ભાગોળ ખાતે મતદાન કર્યુ હતુ તો નગરપાલિકા મહિલા કોર્પોરેટર દિપ્તીબેન બ્રહ્મભટ્ટે શેઠ.પી.એન્ડઆર આર હાઈસ્કુલ ખાતે મતદાન કર્યુ હતુ તો ચુંટણીપંચ દ્વારા ૮૦ વર્ષ થી વધુ ઉંમર ના વડીલો ને સન્માન પત્ર આપી ને સન્માનિત કરાવ્યા હતા તો કેટલીક જગ્યાએ મતમથકો એ લાંબી લાંબી કતારો જોવાં મળી હતી તો યુવાનો સહિત વુધ્ધોએ પણ પોતે મતદાન કર્યુ હતું અને પ્રાંતિજ- તલોદ માં ૩ વાગ્યા સુધીમાં શાન્તી પુર્વક મતદાન યોજાયું હતું તો છ એ ઉમેદવારો ના ભાવી આજે સાંજ સુધીમાં ઈવીએમ મશીન માં કેદ થશે



કમલમ્ ન્યુઝ,

વિધાનસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૨ અંતર્ગત આજે યોજાયેલા મતદાન દિવસે સાબરકાંઠા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી હિતેષ કોયા(આઈ.એ.એસ) દ્વારા હિંમતનગર ત્રિવેણી વિધ્યાલય ખાતે આવેલા સખી મતદાન મથક નંબર ૭૪ માં સવારે ૧૧:૩૫ મિનિટે મતદાન કરી મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.



કમલમ્ ન્યુઝ,

ઈડર વડાલી, વિધાન સભા ૨૮. ના મતદારો નેતરફ થી મતદાર ના અવસર દરમિયાન 100% વોટિંગ કરવા અપીલ કમલમ ન્યૂઝ તાલુકા ચીફ મકબૂલ હુસેન.

# ૨૦૨૨ વિધાન સભા ને લઈ લોકો માં ઉત્સાહ જોવા મળ્યો





કમલમ્ ન્યુઝ,મકબુલ હુસેન

ઈડર શહેર ના સુરપુર પંચાયત ખાતે પ્રાથમિક શાળામાં સુરપુર ગ્રામ જનો નું વોટિંગ માટે લોકો નો મોટા પાયે જનમેદની ઊમટી ... અને ૨૦૨૨ વોટીંગ ને લઈ ને લોકો બહુ ઉત્સાહીત જણાયા.

# માંડવીમાં હિતચિંતક અભિયાન હેઠળ ૧૩૦૦ લોકો જોડાયા



કમલમ્ ન્યુઝ,માંડવી

સમગ્ર વિશ્વમાં વસતા હિન્દુ સમાજને એકાત્મતાના ભાવથી જોડી રાખી હિંદુ ધર્મ, સંસ્કૃતિ અને જીવન પદ્ધતિના સંવર્ધન માટે ૧૯૬૪થી કાર્યરત વિશ્વ હિન્દુ પરિષદની માંડવી શાખા દ્વારા હિન્દુ સંપર્ક યાત્રા કરીને હિતચિંતક અભિયાન હેઠળ૧૩૦૦ લોકોને જોડવામાં આવ્યા હતા. હિતચિંતક એટલે હિન્દુત્વના ભાવથી ભરેલું હૃદય, ધર્મ સંસ્કૃતિના ઉત્થાન માટે સંકલપિત મન, પરમ વંદનીય સંતોના ચરણોમાં નમેલું શીશ. વિશ્વ હિન્દુ પરિષદના વિભાગીય મંત્રી ડો. કૃષ્ણકાંત પંડ્યા, જિલ્લા મંત્રી ચંદુભાઈ રૈયાણી, પ્રાંત અધિકારી ચેતનભાઈના માર્ગદર્શન હેઠળ તેમજ કચ્છ જિલ્લા વિશેષ સંપર્ક પ્રમુખ કેપ્ટન જખ્ખુભાઈ સંઘાર અને પશ્ચિમ કચ્છ જિલ્લા ઉપાધ્યક્ષ દીપેશભાઈ જોશીની ઉપસ્થિતિમાં અભિયાનને વેગ આપવામાં આવ્યો હતો.માંડવીશાખાહિતચિંતકઅભિયાનના અધ્યક્ષ નિર્મલકુમાર આસોડિયા સાથે સંયોજક ધૈર્યભાઈ કાનાણી, જીગરભાઈ, હિતેશભાઈ સહુ સાથેમળીરામજન્મભૂમિ આંદોલન, ગંગા રક્ષા આંદોલન, અશાંત ધારાનો અમલ, ધર્માંતરણ વિરૂદ્ધ કાયદો, લવ જેહાદ અને ગૌરક્ષા જેવા વિષય સાથે અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.

# ગોડધા-કલકવા ગામની આદિવાસી દિકરી ડો.નિલેશ્વરી કિરણભાઈ ચૌધરી ની BCCI મા અન્ડર -૧૬ આસામ ક્રિકેટ ટીમ ની ફિઝિયો તરીકે પસંદગી થઈ





તાપી જિલ્લાના વાલોડ અને ડોલવણ તાલુકાના સરહદે આવેલ ગોડધા-કલકવા (ચૌધરી ફળિયા) ની આદિવાસી દિકરી ડો.નિલેશ્વરી કિરણભાઈ ચૌધરીએ તાપી જિલ્લાનું ગૌરવ વધાર્યુ છે. ડો.નિલેશ્વરી (MPT Sports )માલીબા કોલેજ,બારડોલીથી માસ્ટર ડીગ્રી મેળવી છે.હાલમાં તેણી વ્યારા ખાતે સ્પોર્ટસ ઓથોરિટિ ઓફ ગુજરાત ની DLSS ( ડિસ્ટ્રીકટ લેવલ સ્પોર્ટસ સ્કુલ)માં ફિઝ્યિો તરીકે સેવા આપે છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ આયોજિત વિજય મર્ચન્ટ ટ્રોફી અંડર- ૧૬ ક્રિકેટ ટુર્નામેન્ટ હાલમાં સુરત ખાતે ચાલી રહી છે. ત્યારે આ ખેલાડીઓ માટે આસામની ટીમ માટે ફિઝ્યિો તરીકે પસંદગી થતા ડો.નિલેશ્વરી તાત્કાલિક ફરજ અદા કરી રહી છે. તાપી જિલ્લાની આ આદિવાસી કન્યા ગૌરવશાળી પ્રતિભા સાથે ટેકવોન્ડો કરાટે માં 1st Dan બ્લેક બેલ્ટ ની ડિગ્રી પણ ધરાવે છે. સામાન્ય ખેડૂત પરિવારની આ દિકરીએ તાપી જિલ્લાનું નામ રોશન કર્યુ છે ત્યારે જિલ્લા વહીવટી તંત્ર અને ગ્રામજનોએ તેની ઉજ્વળ કારકિર્દી માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી હતી. તાપી ડિસ્ટ્રીકટ સ્પોર્ટ્સ ડેવલપમેન્ટ ઓફિસર ચેતન પટેલે જણાવ્યું હતું કે ડો.નિલેશ્વરીએ ખેલો ઈન્ડિયા એથ્લેટિક્સ માં હરિયાણા ખાતે ફિઝિયો તરીકે શ્રેષ્ઠ સેવા આપી હતી. મ્ઝ્રઝ્ર દ્વારા આયોજીત વિજય મર્ચન્ટ ટ્રોફી અન્ડર ૧૬ ટુર્નામેન્ટ ચાલી રહી છે ત્યારે તાપી જિલ્લામાંથી તેની પસંદગી થતા આપણા સૌ માટે ગૌરવ અને આનંદની લાગણી વ્યક્ત કરું છું.





કમલમ્ ન્યુઝ,
અમદાવાદ પશ્ચિમ પરપ્રાંતીય સંગઠન ના મુખ્ય સંગઠક શ્રી અંકિત સિંહ રાજપૂત તારીખ ૦૨/૧૨/૨૦૨૨ ના રોજ શ્રી કમલમ, ગાંધીનગર ખાતે ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ શ્રી સી.આર પાટીલ સાહેબ ની માર્ગ દર્શિતામાં તેમજ પ્રદેશ મહામંત્રી શ્રી પ્રદીપસિંહ વાઘેલા ની ઉપસ્થિતિ માં પોતાના સંગઠન ના આગેવાનો સાથે ભારતીય જનતા પાર્ટી માં વિધિવત રીતે જોડાયા. આ અવસર પર પ્રદીપસિંહ વાઘેલાએ અંકિત સિંહ રાજપૂત અને સંગઠનના હોદ્દેદારોનું સ્વાગત ખેસ અને ટોપી પહેરાવીને કર્યું.


# ધરમપુર જાગીરીના હેમ આશ્રમના ૧૩૬ વિદ્યાર્થીઓએ બીલીમોરા વઘઇ હેરિટેજટ્રેનનો પ્રવાસ માણ્યો



કમલમ્ ન્યુઝ,વલસાડ
ધરમપુરના જાગીરી ગામની હેમ આશ્રમના ૧૩૬ વિદ્યાર્થીઓ માટે વલસાડ જાયન્ટસ ગૃપ દ્વારા ત્રીજા તબક્કાનો બીલીમોરા-વઘઈ હેરીટેજ ટ્રેનની મુસાફરીનો કાર્યક્રમ યોજાયો હતો.ગુજરાતની શાન એવી ૧૦૯ વર્ષ જૂની બીલીમોરા વઘઈ નેરોગેજ હેરીટેજ ટ્રેનની રોમાંચ જગાવતી મુસાફરીનો અદભૂત આનંદ હેમ આશ્રમના બાળકોએ માણ્યો હતો. જે બાળકો ટ્રેનમાં ન બેઠાં હોય એવા બાળકોને પણ આ મુસાફરીમાં સામેલ કરી હેરીટેજ ટ્રેનમાં બેસાડવાનું સપનું જાયન્ટસ ગૃપ દ્વારા પૂરું થયું હતું. જાયન્ટસના પ્રમુખ અને પ્રોજેક્ટ ચેરપર્સન ડો. આશાબેન ગોહિલ અને હાર્દિક પટેલ આ પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્રણ તબક્કામાં યોજાયેલા આ પ્રવાસ કાર્યક્રમમાં કુલ ૨૫૮ બાળકોને આવરી લેવામાં આવ્યા હતા. જેમાં માત્ર આઠા જ એવા બાળકો હતા જેમણે આ પહેલાટેનની સવારી કરી હતી બાકીના તમામ બાળકોએ જીવનમાં સૌપ્રથમવાર જ ટ્રેનમાં મુસાફરી કરી હતી. સંસ્થાના સ્થાપક બાબલભાઈ, શીતલ ગાડર, શિક્ષકો, જાયન્ટ્સ સભ્યો અને વિદ્યાર્થીઓ મળી કુલ ૨૭૫ વ્યક્તિઓએ આ હેરેટેજ ટ્રેનમાં મુસાફરી કરવાનો લાહલો લીધો હતો. સાથે સાથે ગીરાધોધ અને જાનકીવનની મુલાકાત સાથે શૈક્ષણિક પ્રવાસ સંપન્ન થયો હતો. પ્રવાસ કાર્યક્રમ ફેડરેશન પ્રમુખ બાલા શેટ્ટીજીના શુભાશિષ, IFDPP વિજયભાઈ પટેલ, ફેડરેશન ડાયરેક્ટર યુનિટ-૧ સુમંતરાય તથા જાયન્ટ્સ ગ્રૂપ ઑફ બીલીમોરાના ઉપસ્થિત સભ્યો, વાંસદાથી ધીરેન સોલંકી, હેમ આશ્રમ જાગીરીથી શીતલ ગાડર, બાબલભાઈ, જાગૃતિબેન, કમલેશભાઈ, શલમુભાઈ તથા અન્ય શિક્ષકો, અશ્વિનભાઈ ઠક્કર, ગીતાબેન ઠક્કર, શીરીન વોરા, દક્ષેશ ઓઝાના સહિયારા પ્રયાસથી સંભવ બન્યો હતો.

# અરવલ્લી જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીના પરિવાર સાથે કર્યું મતદાન

## વધુમાં વધુ મતદાનની કરી અપીલ



કમલમ્ ન્યુઝ,
વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ અન્વયે આજ રોજ શ્રી સી.જી.બુટાલા હાઈસ્કૂલ ખાતે મતદાન કરી લોકશાહીના પર્વમાં ભાગીદાર થયાનો આનંદ તથા ગર્વ છે.આપ સહુ પણ અચુક મતદાન કરો તેવો જિલ્લા વહીવટી તંત્ર તરફથી તમામને અનુરોધ છે. અચૂક મતદાન કરવાની અપીલ કરવામાં આવી.

# કાઠીયાવાડ ગાડલીયા લુહાર સમાજ દ્વારા વિરપુર ખાતે "પિયર નું પાનેતર" લગ્ન સમારોહ નુ આયોજન



કમલમ્ ન્યુઝ,
પવિત્ર યાત્રાધામ વિરપુર જલારામ ખાતે આગામી તારીખ ૧૧ ને રવિવાર ના રોજ પાંચ દીકરીઓ ના "પિયર નું પાનેતર" લગ્ન સમારોહ નું આયોજન કરવામાં આવ્યું છે આ લગ્ન સમારોહ માં ૫ યુગલ પ્રભુતા માં પગલા પાડશે અને સપ્તપદી ના સાતફેરા સાથે ગોર મહારાજ વૈદિક મંત્રોચ્ચાર સાથે અગ્નિ ની સાક્ષીએ ૫ યુગલો સંસાર ચક્ર ના પવિત્ર રથ ને આગળ ખેંચી જવા તમામ પરિસ્થિતિઓ ને પહોંચી વળવા ના સંકલ્પોને સિદ્ધ કરવા સહ જીવન ની કેડીએ ૧૧ તારીખ રવિવાર ના રોજ પગલા ભરશે. આ મહાયજ્ઞ ને જીવંત રાખવા ગાડલીયા લુહાર સમાજ તેમજ અન્ય સામાજીક તેમજ રાજકીય મહાનુભાવો પોતાનું અમુલ્ય યોગદાન આપી આ પવિત્ર જોડલા ને સંસાર ની કેડીએ ચલાવવા માટે પ્રેરણા અને આશીર્વાદ આપશે. આજના કાળઝાળ મોંઘવારી ના જમાના માં જરૂરિયાતમંદ દિકરીઓ ના બાપ ના ખભેથી ભાર ઉતારવા માટે કાઠીયાવાડ ગાડલીયા લુહાર સમાજ દ્વારા "પિયર નું પાનેતર" લગ્ન સમારોહ નું આયોજન કરાયું છે. જેમાં દિકરીઓ ને દાતાઓ તરફથી સેટી,કબાટ, રસોડાની તેમજ અન્ય જીવન જરૂરિયાત કરિયાવર આપવામાં દાતાઓ દ્વારા આપવામાં આવશેઆ પ્રસંગ ને સફળ બનાવવા માટે કાઠીયાવાડ ગાડલીયા લુહાર સમાજ ના યુવા પ્રમુખ દેવરાજ રાઠોડ ,લાલા પરમાર , પ્રવીણભાઈ રાઠોડ , ભુપતભાઈમેવસા ,નેતાભાઈ રાઠોડ, નવઘણ રાઠોડ, મુનાભાઈ ચૌહાણ, દેવાભાઈ રાઠોડ ,નવઘણ ચૌહાણ, હીરાભાઈ ચૌહાણ, રામજીભાઈ રાઠોડ ,છગનભાઈ ચૌહાણ ,કરણભાઈ મેવસા , અમરસિંહ સોલંકી , ઉદાભાઈ ચૌહાણ સહિત ના નવજાત ગના પ્રસંગ ના મોભીઓ અને યુવાનો જહેમત ઉઠાવી રહ્યા છે. આ સેવાકીય કાર્ય માટે મદદ કરવા ઈચ્છતા દાતાઓ ગાડલીયા લુહાર સમાજ ના યુવા પ્રમુખ દેવરાજ રાઠોડ ને ૯૮૯૮૩૧૦૭૭૮ પર ફોન કરવા અનુરોધ કરવામાં આવે છે

# પહેલીવાર મતદાન કરીને અમદાવાદની 'ઉન્નાતિ'ને અનુભવાયો ગર્વ



કમલમ્ ન્યુઝ,
અમદાવાદના રાણીપ વિસ્તારમાં રહેતી ઉન્નતી ઝાલાએ આજે વિધાનસભા ચૂંટણી માટે પહેલીવાર મતદાન કર્યું છે. ઉન્નતિ કહે છે કે, મતદાન કરતા એક ભારતીય નાગરિક અને ગુજરાતી તરીકે ગર્વની લાગણી અનુભવાય છે. ઉન્નતિ ફાર્મસીના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરે છે. ઉન્નતીએ તો ખુદ આજીવન લોકશાહીના ઉત્સવને ઉજવવા મતદાનનો સંકલ્પ કર્યો છે અને તેઓ સંપર્કમાં આવતા અન્ય લોકોને પણ મતદાન માટે જાગૃત કરવા સંકલ્પબદ્ધ થયા છે.

# સાબરકાંઠા જિલ્લામાં શાંતિપૂર્ણ માહોલમાં મતદાનનો પ્રારંભ બપોરે ૧ વાગ્યા સુધી ૩૯.૭૨ ટકા મતદાન

## સાબરકાંઠા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી હિતેષ કોયા દ્વારા હિંમતનગર ત્રિવેણી વિદ્યાલય ખાતે સખી મતદાન મથક નંબર ૭૪માં મતદાન કરી મતાધિકારનો ઉપયોગ કર્યો

### સાબરકાંઠા જિલ્લાની ચાર વિધાનસભા મતવિસ્તારમાં સવારે ૮ કલાકથી મતદારો મતદાન મથકે વોટીંગ કરવા પહોંચ્યા : મતદાન મથકોએ લાંબી કતારો જોવા મળી ટ્રાન્સજેન્ડર મતદારોએ પણ મતદાન કર્યું.

કમલમ્ ન્યુઝ,મનુભાઈ નાયી.
ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૨ ના બીજા તબક્કાની ૯૩ બેઠકો માટે આજે તારીખ ૫/૧૨/૨૦૨૨ના રોજ મતદાન યોજાયું છે. મતદાન સવારે૮ કલાકથી સાંજના ૫ કલાક સુધી મતદાન ચાલશે. ઉત્તર ગુજરાતના સાબર કાંઠા જિલ્લાની ચાર વિધાનસભા સમાવિષ્ટ ૨૭-હિંમતનગર, ૨૮-ઈડર (અ.જા), ૨૯ ખેડબ્રહ્મા(અ.જ.જા) ૩૩-પ્રાંતિજ મળી કુલ ૧૩૨૩ મતદાન મથકો નિયત કરવામાં આવેલા છે. જેમાં ૯૬૦ મતદાન મથક સ્થળની સંખ્યા આવેલી છે. અત્રેના જિલ્લામાં તારીખ ૧૦/૧૦/૨૦૨૨ની સ્થિતિએ ૫,૬૭,૩૫૩ પુરુષ મતદારો, ૫,૪૧,૩૩૭ સ્ત્રી મતદારો અને ૩૨ અન્ય મતદારો મળી કુલ ૧૧૦૮૭૨૨ જેટલા મતદારો જિલ્લામાં નોંધાયેલા છે. આજે યોજાયેલા મતદાનમાં ૨૩૬૨ બેલેટ યુનિટ ૧૫૬૧ કંટ્રોલ યુનિટ અને ૧૭૫૮ વી.વી.પેટનો ઉપયોગ કરવામાં આવશે. ચૂંટણી સંદર્ભે જિલ્લામાં ૧૩૫ સેક્ટર રૂટ નક્કી કરવામાં આવ્યા છે અને રિઝર્વ સહિત કુલ ૧૫૦ સેક્ટરની નિમણૂક કરવામાં આવેલ છે. કુલ મતદાન મથકો ૧૩૨૩ પૈકી ૫૦ ટકા મતદાન મથકો ઉપર ૬૨૨ લાઈવ વેબકાસ્ટિંગ કરવામાં આવી રહ્યુ છે.તે માટેહિંમતનગર કલેકટર કચેરી પોળો હોલ ખાતે વેબકાસ્ટીંગ સુવિધા ઉપલબ્ધ કરીને સતત મોનીટરિંગ કરવામાં આવી રહ્યું છે. ચાર વિધાનસભા મતવિસ્તારમાં સવારે ૮ કલાકથી મતદાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. સવારથી જ લોકોમાં મતદાન કરવા પ્રત્યેનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. કેટલાક મતદાન મથકોમાં લાંબી કતારો જોવા મળી રહી છે અને લોકો શાંતિપૂર્ણ વાતાવરણમાં મતદાન કરી રહ્યા છે. વિધાનસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૨ અંતર્ગત આજે યોજાયેલા મતદાન દિવસે સાબરકાંઠા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી હિતેષ કોયા(આઈ.એ.એસ) દ્વારા હિંમતનગર ત્રિવેણી વિધ્યાલય ખાતે આવેલા સખી મતદાન મથક નંબર ૭૪ માં સવારે ૧૧:૩૫ મિનિટે મતદાન કરી મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. બપોરે ૧ વાગ્યા સુધીમાં સાબરકાંઠા જિલ્લામાં સરેરાશ ૩૯.૭૨ ટકા મતદાન નોંધાયુ હતુ. બપોર બાદ મતદાન મથકોમાં મતદાન કરવાનો ઉત્સાહ અને ઘસારો જોવા મળ્યો હતો. સાબરકાંઠાજિલ્લામાંહિંમતનગરના વરરાજાએ લગ્નગ્રંથીમાં જોડાતા પહેલા હિંમત હાઈસ્કુલ મતદાન મથક ખાતે પોતાના મુલ્યવાન મતાધિકારનો ઉપયોગ કરી એક જાગૃત નાગરીક તરીકેની ફરજ અદા કરી તેમજ વિધ્યાનગરી હાઈસ્કુલ હિંમતનગર ખાતે ટ્રાન્સજેન્ડર સોનલમાસીએ મતદાન કરી તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.




કમલમ્ ન્યુઝ,
સાબર કાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સલાલ ખાતે માર્કેટ યાર્ડ ના ચેરમેન રાજુભાઈ પટેલ ભાજપ યુવા મોરચા ના પ્રમુખ વિપુલભાઈ શર્મા બે.સરપંચ દિલીપસિંહ પરમાર સંજયભાઈ શર્મા શૈલેષભાઈ બારૈયા સરપંચશ્રી રાજુભાઈ પટેલ વગેરે એ મતદાન કરી અન્ય મતદાતાઓ ને મતદાન કરાવા આહવાન કર્યું હતું













પ્રાંતિજ ધારાસભ્ય અને પૂર્વ મંત્રીશ્રી ગજેન્દ્રસિંહ પરમારે વક્તાપુર પ્રાથમિક શાળા મતદાન મથક ખાતે પરિવાર સાથે પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. કમલમ્ ન્યુઝ,

